# ખરેખર સ્વર્ગ – નર્ક શું છે ?

શું ખરેખર સ્વર્ગ અને નર્ક એ કોઈ જુદા સ્થાનો છે કે જ્યાં મૃત્યુ પછી દરેક જીવ પોતાના કર્મો પ્રમાણે જાય છે. ખરેખર મોક્ષ છે શું ? આ પ્રશ્નોએ હંમેશા મને સતાવ્યો છે. પરંતુ મા-સ્વામી જય-વિજયાજીએ પોતાની આગવી શૈલીમાં જ્યારે સમજાવ્યું ત્યારથી જીવનમાં એક બદલાવ આવવાનું શરૂ થયું.

આંતરિક બદલાવનું નામ મોક્ષ છે. મારાપણાનું બંધન જ મોહબંધન છે. મોહનો ક્ષય મોક્ષ છે. જેમ જેમ જાગૃતિ વધે અને મારાપણાનો ક્ષય થવા લાગે, તેમ એ મોક્ષની યાત્રા છે.

જરૂર છે શરૂઆતમાં, જાગૃતતાથી- સજાગતાથી, ચાર કષાયો- ક્રોધ, અભિમાન, માયા-પ્રપંચ અને લોભને દૂર કરવાની. સુવિચાર, સત્સંગ, સતસાહિત્ય વગેરેની મદદથી સારા-નરસાની વિવેક દ્રષ્ટિ કેળવવી બહુ જ જરૂરી છે. અભ્યાસ અને વૈરાગ્યની સાધનના થકી આ રસ્તે ચાલવું જરૂરી છે. અહીં આંતરિક શુધ્ધિ કરવાની જ મુખ્ય વાત છે. ચિત્તમાં રહેલા રાગ-દ્વેષ, અહંકાર, મમત્વ, ઈચ્છા, તૃષ્ણા, મોહ, મમતા વગેરેથી મુક્ત થવું અથવા નિયંત્રિત કરવા. ચિત્તને સ્થિર અને શુધ્ધ કરવું.

મોક્ષ એટલે સંપૂર્ણ નિર્વિચારતાની, અહંકાર રહિતતાની અને ઈચ્છા વિનાની સ્થિતિ. આ જ મોક્ષની અવસ્થા છે. સંસારની વચ્ચે વસીને પણ સંસારથી અળગા રહેવું તે મોક્ષમાર્ગનું સૂત્ર છે. આપણે સુખી નથી એનું કારણ એ નથી કે આપણી પાસે જીવન જરૂરિયાત વસ્તુઓનો અભાવ છે. આપણે સુખી નથી એનું કારણ છે આપણામાં રહેલા વેર-ઝેર, આપણો લોભ, આપણા કપટનાં જાળાં, આપણો ક્રોધ, આપણા રાગ-દ્વેષ.

સુખી જીવન જીવવા માટે સંસાર છોડવો જરૂરી નથી. જરૂર છે આંતરિક બદલાવની, જરૂર છે એક સાચી સમજણની, જરૂર છે એક વિવેક દ્રષ્ટિની.

“જુઓ, જાણો પણ ભળો નહીં.” આ મા-સ્વામીનું સૂત્ર એ જ છે. સાક્ષીભાવ, દ્રષ્ટાભાવ, જ્ઞાતાભાવ, તટસ્થભાવ, અકતૃત્વ. આ જ છે સ્થિતપ્રજ્ઞતા- ઈચ્છાઓને ઓછી કરી સંતોષમાં આવવું એ એનું પહેલું પગથિયું છે. જેમ જેમ જીવનમાં સંતોષ આવતો જાય, તેમ તેમ પૈસા અને પદાર્થોનો મોહ ઘટતો જાય અને આ પ્રક્રિયા

આપણામાં રહેલા ચાર કષાયોને- લોભ, માયા, અભિમાન અને ક્રોધ દૂર કરવામાં થવા ઓછા કરવામાં મદદ કરે છે.

દાન, તપ, શીલ, સદાચાર અને ભાવશુધ્ધિ એ આંતરિક શુધ્ધિની ચાર હથિયારો છે. સ્થિતપ્રજ્ઞતા લાવવામાં મદદગાર છે. અભ્યાસ અને વૈરાગ્યથી આ આંતરિક શુધ્ધિ દ્રઢ થાય છે, જીવનનું એક અંગ બની જાય છે. ધ્યાન અને નિર્વિચારતા પણ આ યાત્રાનું એક મહત્વનું અંગ છે.

ધીમે ધીમે ચિત્તના વમળો શાંત થતાં જ આ સ્થિતિમાં દુઃખમાં મન ખેદ પામતું નથી અને સુખમાં નિસ્પૃહી રહે છે. અનુકૂળ પરિસ્થિતિમાં ન તો પ્રસન્ન થાય છે અને પ્રતિકૂળ પરિસ્થિતિમાં ન તો વ્યાકુળતા અનુભવે છે.

સ્થિતપ્રજ્ઞ એટલે સ્વયં પર પોતાનું જાગૃતતા- સજાગતાપૂર્વકનું સંપૂર્ણ નિયંત્રણ, પરિસ્થિતિનો સ્વીકારભાવ કરવાની શક્તિ, સમતાભાવ, સમભાવ, સમસ્થિતિમાં જીવવાની કળા.

સંસારમાં પ્રવૃત્તિશીલ રહેવા છતાં રોજિંદા દરેક કાર્યો ઈન્દ્રિયો દ્વારા થઈ રહ્યા છે, તેમાં સ્થિતપ્રજ્ઞ વ્યક્તિ દખલ કરતો નથી માત્ર તેને તટસ્થભાવ કેળવી નિહાળતો રહે છે. નથી તેમાં તેને સુખ, નથી તેમાં તેને દુઃખ. જ્યાં સુખ છે ત્યાં દુઃખ છે અને જ્યાં દુઃખ છે ત્યાં સુખ છે. આમ, સંસારી વ્યક્તિને સ્વર્ગ અને નર્કનો અભ્યાસ પ્રત્યેક ક્ષણે પોતાના ચિત્તના ભાવ પ્રમાણે અહીં અને અત્યારે જ થતો રહે છે. સ્થિતપ્રજ્ઞ વ્યક્તિત્વ આ સુખ અને દુઃખ- સ્વર્ગ અને નર્કની પર જઈને મોક્ષના સુખનો અવિરત અનુભવ કરે છે. જેના જીવનમાં ફક્ત અને ફક્ત રહે છે અવિરત સુખ, શાંતિ, પ્રસન્નતા, હળવાશ અને મધુરતા.